**મે.અમદાવાદના એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**કોર્ટ નં.૧૨, મુ.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં:-૫૫૦૫૯/૨૦૨૧.**

**ફરીયાદી:- શ્રી સરકાર.**

**વિરુધ્ધ.**

**આરોપી:- (૯) જીગ્નેશ કનુભાઈ પટેલ.**
રહે.પહેલો માળ, સાનિધ્ય ફ્લેટ, ઔદીચ્યનગર સોસાયટી,
જુની પાયલોટ ડેરી, કાંકરીયા, અમદાવાદ શહેર.

**(૧૩) સરફરાજખાન મોહંમદ શરીફખાન પઠાણ.**
રહે.૨૨૩૬, ગુંદીવાડ, ભુતની આંબલી, આસ્ટોડીયા દરવાજા પાસે,
ખાડીયા, અમદાવાદ શહેર.

**<u>જુગારધારાની કલમ-૪,૫ મુજબના ગુનાનો ઠરાવ.</u>**

ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ સમય અને સ્થળે એક મકાનમાં પોતાના અંગત ફાયદા સારુ પૈસાની હાર જીતનો જુગરા રમતા મળી આવતા જુગારધારાની કલમ-૪,૫ મુજબનો ગુનો કરેલ છે. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ આપવામાં આવેલ. તેમજ તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં અદાલતમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ.

સદર ગુનાના કામે આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓની પ્લી લેતા તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓએ ગુના કબુલાત પુરસીસ પણ રજુ કરેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકારશ્રી તરફથી તેઓને વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ તેઓએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ

છે અને તે અંગે પોતાની સહી કબુલાત પુરસીસ આપેલ છે.

આરોપીઓએ એવી રજુઆત કરેલ છે કે, તેઓ ખુબજ ગરીબ વર્ગના છે, તેઓના ઘરમાં પોતાના સિવાય અન્ય કોઈપણ ઈસમ કમાનાર નથી, હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી. તેઓ પોતાને સુધરવાની એક તક આપવા આજીજી કરે છે. જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમાં આરોપીઓએ ''નો કલેઈમ'' પુરસીસ આપેલ છે અને જણાવેલ છે કે, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માંગતા નથી.

નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯–સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરી શકાય. તદઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ. રાજેશકુમાર રતનલાલ સિંધી અને બીજાઓ, (૨૦૧૫)૩૮ જી.એચ.જે.(૩૫૪) ના કેસમાં પણ ઠરાવેલ છે કે, જુગાર ધારાની કલમ–૪ હેઠળ સજાપાત્ર ગુના માટે કોર્ટ ખાસ અને પુરતા કારણોસર લઘુત્તમ સજાથી ઓછી સજા કરી શકે છે. ઉપરોકત બંને ચુકાદા હાલના કેસને મદદરૂપ થતા હોય તેમ જણાય છે. જેથી આરોપીઓની સ્થિતી અને સંજોગો ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવી ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું નમ્રપણ માનવુ છે. જેથી સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–: આ ખ રી હુ ક મ :–**

દરેક આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૪,૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી જુગારધારાની કલમ–૪,૫ મુજબના ગુના સબબ પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દરેકને રૂ.૫૦૦/– નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દરેકને દિન–૦૫ ની સાદી કેદની સજા

ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૭૫.